
## ગાંધીનગર મને ગમે છે...



**ધ્વનિલ પારેખ**

આમ તો ગાંધીનગર માટે હું આયાતી પ્રાણી છું. પણ આજે એકવીસ વર્ષ થયા પછી હું કહી શકું કે ગાંધીનગર મને ગમે છે, હું 'ગાંધીનગરો' થયો ખરો ! બહુ ઓછા લોકોને બે નગરનો પ્રેમ મળતો હોય છે અને એ રીતે હું સદ્‌ભાગી છું કે મને સુરત અને ગાંધીનગરનો પ્રેમ મળ્યો. તાપી અને સાબરમતી બન્નેનાં જળ મારામાં ભળી ગયાં છે અને એટલે જ અંદરથી જાતને ગાંધીનગર જેવી લીલીછમ્મ ગણું છું.

આ હરિયાળું પાટનગર છે. જ્યારથી ગાંધીનગર જોયું છે ત્યારથી આ હરિયાળીનો અનુભવ કર્યો છે (એ કેટલી ટકરોએ પ્રશ્ન તો છે જ !) ગ્રીચ્છમનો ગરમાળો અહીં જે રીતે ખીલે છે અને સૌંદર્ય બક્ષે છે એનો આનંદ ગાંધીનગરે મને આપ્યો છે. પ્રમાણમાં શાંત અને કોલાહલ વિનાનું ગાંધીનગર મારા જેવા સૂરતી મિજાજ ધરાવનારને માફક ન આવે એ સ્વાભાવિક અને સમજી શકાય એવી વાત છે પણ ધીમેધીમે ગાંધીનગરને હું અને મને ગાંધીનગર માફક આવી ગયું છે. આ ગાંધીનગર માફક આવ્યું એના પણ ઘણાં કારણો છે. સામાન્ય રીતે સર્જકને શાંત વાતાવરણવાળી જગ્યા વધુ અનુકૂળ આવતી હોય છે પણ પ્રારંભના તબક્કે ગાંધીનગરમાં મૂંઝારો થતો હતો. પણ ધીમે ધીમે અહીંની આબોહવા, વાતાવરણ, કલચરલ ફોરમની વિવિધ પ્રવૃત્તિઓ અને ખાસ કરીને નવરાત્રિ - આ બધાંને કારણે હું 'ગાંધીનગરો' થતો ગયો, ગાંધીનગર મને ગમવા લાગ્યું.

આ નગરને મેં અપનાવી લીધું છે હું હવે 'ગાંધીનગરો' છું એમાં બેમત નથી જ નથી !

# શુભલગ્ન સાવધાન : મીનારક ૧૪મીએ ઉતરશે

**૧૪મી એપ્રિલથી મીનારક ઉતરી રહ્યા છે અને શુભ માંગલિક પ્રસંગોની શરૂઆત થઈ રહી છે : ૧૫ એપ્રિલથી ડિસેમ્બર સુધી ૪૯ શુભ મૂહુર્ત બની રહ્યા છે**

### શુભ લગ્ન શુભ મૂહુર્ત મીનાર્ક ઉતર્યા સાવધાન

ભારતીય સંસ્કૃતિમાં વ્રત-ઉત્સવનું ખૂબ જ મહત્વ છે. તેમાંય ષોડશ સંસ્કારોની વાત તો અલાયદી જ રહી ઘણો સમય રાહ જોવડાયા પછી હવે કમુહૂર્તા ઉતરી રહ્યા છે. સૂર્ય મીના રાશી ત્યાગી મેષમાં પ્રવેશ કરે છે. તારીખ ૧૪ એપ્રિલને ગુરૂવારે સવારે ૦૮.૪૨ વાગે કમૂહર્તા ઉતરી રહ્યા છે. સર્વે મંગલ કાર્યો જેવા કે વાસ્તુ-નવચંડી, વિવાહ, સંસ્કાર કાર્યો થઈ શકશે. તારીખ ૧૫ એપ્રિલના વિવાહ સંસ્કાર અંગભૂત ગણે શાદી સ્થાપન કર્મો તારીખ ૧૪ એપ્રિલે થઈ શકશે જેમકે પ્રાણ પ્રતિષ્ઠાનો ત્રણ દિવસોમાં છેલ્લો દિવસ પ્રતિષ્ઠાનો હોય આગલા બે દિવસ ગણે શાદી પૂજન અર્ચન થઈ શકે.

- નીલકંઠ શાસ્ત્રી (પંચદેવ મંદિર)

### આગામી વિવાહના મૂહુર્તો

ચૈત્રમાસ, વૈશાખ, જયેષ્ઠ, અષાઢ પછી માગસર આમ ચાર મહિના ખૂબ જ લગ્નો છે. લગભગ તારીખ ૧૪ એપ્રિલથી ૧૪ ડિસેમ્બર દરમિયાન ૪૯ જેટલા મૂહુર્તો આ વર્ષે છે.







ગાંધીનગર, તા. ૭

શહેરમાં ફરીથી લગ્નસરાની મોસમ આવી રહી છે. ૧૪મી એપ્રિલને ગુરૂવારે સવારે ૦૮.૪૨ કલાકે કમૂહર્તા ઉતરી રહ્યા છે. તેથી સર્વે માંગલિક કાર્યો, શુભ કાર્યોની શરૂઆત કરાશે. એપ્રિલથી ડિસેમ્બર સુધીમાં ૪૯ જેટલા શુભ મૂહુર્ત બની રહ્યા છે. જેમાં એપ્રિલ માસમાં ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૭ એપ્રિલ લગ્ન માટે શુભ તિથિઓ રહેશે. આમ એપ્રિલ મહિનામાં ૧૦ દિવસમાં ચારેકોર લગ્ન પ્રસંગોની શહેનાઈઓ ગુંજી ઉઠશે. શહેરીજનો કોરોનાના કેસ નહીવત હોવાના કારણે લગ્ન પ્રસંગોની મજા માણી શકશે. દર વર્ષે ઉનાળામાં લગ્નોની મોસમ જામતી જોવા મળે છે તેમ આ વર્ષે પણ ૧૪મી એપ્રિલ બાદ શુભ દિવસો હોવાથી દરેક શુભ કાર્યોની શરૂઆત કરવામાં આવશે. હિન્દુ સંસ્કૃતિ મુજબ દરેક શુભ કાર્યોને ચોઘડિયા અને શુભ દિવસ જોઈને જ નક્કી કરવામાં આવતા હોય છે. તેથી ૧૪મી એપ્રિલ બાદ શુભ કાર્યોની શરૂઆત થશે. આ સાથે જ લગ્નસરાના કારણે વેપારીઓમાં પણ આર્થિક રીતે સરભર થવાનો લ્હાવો મળશે જેથી વેપારીઓમાં પણ આનંદો જોવા મળશે. શહેરમાં કોરોના મહામારીના કારણે સતત બે વર્ષ લગ્નસરાની સિઝનમાં વિક્ષેપ આવ્યો હતો. સરકાર દ્વારા ગાઈડલાઈન નક્કી કરાતા કોરોના કાળમાં લગ્નસરાની સિઝનમાં શહેરીજનોએ ઓછી સંખ્યામાં લગ્ન પ્રસંગોમાં હાજરી આપી હતી અને ભયનો માહોલ હોવાથી મોટા ભાગના શહેરીજનો લગ્નપ્રસંગો ટાળતા હતા. જે આ વખતે દરેક શહેરીજનોને ઉત્સાહપૂર્વક લગ્નસરાની મોસમ માણવા મળશે.

## આઝાદી કા અમૃત મહોત્સવ યાત્રાનું દહેગામ નહેરૂ ચોકડી ખાતે ઉષ્માભર્યુ સ્વાગત





ગાંધીનગર, તા. ૭

ભારતીય જનતા યુવા મોરચા-ગુજરાત પ્રદેશ દ્વારા આયોજિત 'આઝાદી કા અમૃત મહોત્સવ' યાત્રાનું નહેરૂ ચોકડી દહેગામ ખાતે યુવા મોરચાના કાર્યકરો અને પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ સ્વાગત કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા યુવા મોરચાના પ્રમુખ વિજેન્દ્રસિંહ વાઘેલા, યુવા મોરચાના પ્રભારી જયદીપભાઈ પારેખ, મહામંત્રી ભુલાભાઈ દેસાઈ અને જયમીનભાઈ પટેલ તથા જિલ્લાના અને મંડળના હોદ્દેદારો મોટી સંખ્યામાં બાઈકરેલીમાં જોડાયા હતા.

## રવિવારે એસ.ટી. દ્વારા વધારાની ટ્રીપો સંચાલન કરાશે

**લોકરક્ષકદળની પરીક્ષા હોઈ જુદા જુદા શહેરોમાંથી મોટી સંખ્યામાં ઉમેદવારો આવવાના હોઈ તમામ બસ સેવા ચાલુ રાખવા આદેશ કરાયા : જરૂર પડે તો વધારાની ટ્રીપો શરૂ કરાશે**

ગાંધીનગર, તા. ૭

લોકરક્ષકદળની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે. હજુ થોડાક સમય અગાઉ જ તેની શારિરીક કસોટી પૂર્ણ થઈ છે. શારિરીક કસોટીમાં પાસ થયેલા ઉમેદવારો માટે ૧૦મી એપ્રિલના રોજ લેખિત પરીક્ષા યોજવાનું આયોજન છે. લેખિત પરીક્ષા માટે વિવિધ શહેરોમાંથી આવતા યુવાનોને પરિવહન માટે તકલીફ ન પડે તે માટે એસ.ટી.ની તમામ સેવાઓ ચાલુ રાખવા અને જરૂર પડે તો વધારાની ટ્રીપોનું સંચાલન કરવા આદેશ કરાયા છે. લોકરક્ષકની પરીક્ષામાં લાખો ઉમેદવારો ભાગ લઈ રહ્યા છે. શારિરીક કસોટીમાં પાસ થયેલા ઉમેદવારો માટે રાજયના જુદા જુદા શહેરોમાં લેખિત પરીક્ષા યોજવામાં આવી છે. આ પરીક્ષા માટે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, ગાંધીનગર અને ભાવનગર સહિતના મહાનગર પાલિકા વિસ્તારોમાં પરીક્ષા કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં ફાળવવામાં આવેલા કેન્દ્રો પર રાજ્યભરના ઉમેદવારો પરીક્ષા આપવા આવવાના હોઈ એસટી નિગમ દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. લોકરક્ષક દળની પરીક્ષા આપવા આવતા ઉમેદવારોને ટ્રાન્સપોર્ટેશન માટે કોઈ તકલીફ ન પડે તે માટે તમામ બસોનું સંચાલન યથાયોગ્ય રીતે કરવા એસ.ટી. નિગમે તમામ ડેપો મેનેજરોને આદેશ કર્યો છે. ઉમેદવારોના ધસારાને ધ્યાનમાં રાખીને વધારાની સર્વિસોનું સંચાલન પણ કરવામાં આવશે. વધુમાં માર્ગ ઉપર કે બસસ્ટેન્ડ ઉપર મુસાફરોને લેતી વખતે લોકરક્ષક દળના પરીક્ષાર્થીઓને અગ્રિમતા આપવાની રહેશે. વધુમાં લોકરક્ષકદળની પરીક્ષાને પગલે બસ સંચાલન માટે કર્મચારીઓને સ્ટેન્ડ ટુ રાખવાના આદેશો પણ કરાયા છે

## સાદરા છાત્રાલયમાં વિદ્યાર્થીઓને શીખવાડાય છે સ્વાવલંબી પાઠ

ગાંધીનગર, તા. ૭

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરા સંકુલ ખાતે છાત્રાલયના વિદ્યાર્થીઓનો સ્વાવલંબીના પાઠ શીખવવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓ વિદ્યાઅભ્યાસ પૂર્ણ કર્યા બાદ સ્વાવલંબી બનીને જીવન જીવે એવા આશયથી સ્વાવલંબીના પાઠ શીખવામાં આવી રહ્યા છે. જેમાં સંકુલની દરરોજ સફાઈ કરવાનું, રોટલી વણવાનું, ભાખરી વણવાનુ, શાક સમારવાનું, ખાદી કાપડ વણાટનું કાર્ય પદ્ધતિ શીખવાડવામાં આવે છે. સાદરા સંકુલ સંયોજક રમેશભાઈ પટેલ તથા ગૃહમાતા અને ગૃહપતિના સહયોગથી આ કાર્ય કરવામાં આવી રહ્યું છે.

